**વાઈબ્રન્ટ સમિટ** | DMIC રૂટમાં સૌથી પહેલુ સ્માર્ટ સિટી ગુજરાતમાં ડેવલપ થશે

# ધોલેરા સ્માર્ટ સિટીનું માઈક્રો મોડલ

ગાંધીનગર, તા. ૨૫

દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર-ડીએમઆઈસી રૂટ ઉપર હરિયાણાના ગુડગાંવ, ઉત્તરપ્રદેશના ગ્રેટર નોઈડા, મહારાષ્ટ્રના સેંદ્રણાં બિદકિણ અને ગુજરાતના ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયનમાં ધોલેરા એમ કુલ ચાર સ્માર્ટ સિટી ડેવલપ કરવા ભારત સરકારનું આયોજન છે. આ ચાર પૈકી ડિએમઆઈસી રૂટ ઉપર સૌ પ્રથમ સ્માર્ટ સીટી ગુજરાતમાં ડેવલપ થશે. તેના માટે ગુજરાત સરકારની પ્રમુખ નોડલ એજન્સી ગુજરાત ઈન્ફ્રસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ- જીઆઈડીબીએ રૂ.૨૦૦૦ કરોડના કામો આરંભવાનું આયોજન કર્યુ છે. બે દિવસ પહેલા આ ક્ષેત્રની અનુભવી કંપનીઓને રિકવેસ્ટ ફોર ક્વોલિફિકેશન ડોક્યુમેન્ટ- આરએફક્યુ માટે ટેન્ડર પણ ઈસ્યુ કરવામાં આવ્યા છે. ૧૧મી જાન્યુઆરીથી મળી રહેલી ૭મી ગ્લોબલ ગુજરાત વાઈબ્રન્ટ સમિટ અને તેના એક્ઝિબિશનમાં ગુજરાત સરકાર ધોલેરા સ્માર્ટ સિટીનું માર્કેટીંગ કરશે. વાઈબ્રન્ટ સમિટમાં ધોલેરા સ્માર્ટ સિટીનું માઈક્રો મોડલ પ્રસ્તુત કરાશે. તેનો સામાન્ય નાગરિક, ટેક્નોક્રેટ સહિતના નિષ્ણાતો જાતઅનુભવ કરી શકશે. ૯૨૦ ચો.કિ.મી. ક્ષેત્રફળમાં વિકાસ કરવા ધારેલા ૨૨ ગામોના ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન-એસઆઈઆરમાં ૩૮૦ ચો.કિ.મી. વિસ્તાર કોસ્ટલ રેગ્યુલટરી ઝોને જાહેર કરાયો છે. બાકી રહેલા ૧૨૦ ચો.કિ.મી.ને એગ્રીકલ્ચર ઝોન જાહેર કરાયો છે. તે પછી વધી રહેલા ૪૨૦ ચો.કિ.મી.માં ધોલેરા સ્માર્ટ સિટીનું નિર્માણ થશે. જીઆઈડિબીના સુત્રોના કહ્યા મુજબ "૩૦ વર્ષમાં ધોલેરા સ્માર્ટ સિટી સંપુર્ણપણે ડેવલપ કરવા પ્લાન છે. પહેલા ૪ વર્ષમાં એટલે કે ૨૦૧૮ સુધીમાં ૨૨ ચો.કિ.મી.માં એક્ટીવેશન એરિયામાં મોડલ બનાવીયે છીયે. તેનું માઈક્રો મોડલ અમે વાઈબ્રન્ટ સમિટમાં પ્રસ્તુત કરીશુ."

**2000** કરોડના કામો શરૂ કરતા પહેલા GIDB દ્વારા RFQ ટેન્ડર ઈશ્યૂ

**420** ચો. કિલોમીટર ક્ષેત્રમાં દેશનું સર્વપ્રથમ સ્માર્ટ સિટી ૩૦ વર્ષે પૂરૂં કરાશે

**2018** સુધી ૨૨ ચોરસ કિમીમાં એક્ટિવેશન એરિયામાં મોડલ બનાવાશે

## વિશ્વના બધા જ સ્માર્ટ સિટીથી 'લેટેસ્ટ' હશે



ધોલેરા સ્માર્ટ સિટી વિશ્વના તમામ મોટા, આધુનિક અને ઓલટાઈપ ઈન્ફ્રસ્ટ્રક્ચરથી ડેવલપ થયેલા રિયલ સ્માર્ટ સિટીથી પણ લેટેસ્ટ હશે. તેમાં સીંગાપોર, હોંગકોંગ, દુબઈ, મકાઉ, મેનહટન, વેનકુવર જેવા અનેક શહેરો, વિસ્તારોથી પણ આગળનું વિશ્વ વસતુ હશે. એવુ વર્ચ્યુંઅલ શહેર આપણા ધોલેરામાં હશે. તેમ જીઆઈડિબીના એક ઓફિસરે કહ્યુ હતુ.

### ગિફ્ટ સિટીને પણ 'વાઈબ્રન્ટ' તારશે

ધોલેરા સ્માર્ટ સિટી પાસે ઈન્ટરનેશનલ એરપોર્ટ આકાર લેનાર છે. દિલ્હીમાં સત્તાપરિવર્તન પછી આ પ્રોજેક્ટ પણ ફાસ્ટટ્રેક ઉપર છે. ગાંધીનગર પાસે આકાર લઈ રહેલી ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી એટલે કે, ગીફ્ટ સિટીને પણ વર્ષ ૨૦૧૫ની વાઈબ્રન્ટ સમિટ તારશે. સમિટ પુર્વે જ ગિફ્ટ સિટીના બંન્ને ટાવર અને નવા ઉભા થનારા ટાવરમાં સ્ટોક એક્સચેન્જની ૪૦ કંપનીઓ આવી રહી છે. આગામી ૧૨મી ડિસેમ્બરે સૌ પ્રથમ વખત ત્યાં પ્રિ-સમિટ સેમિનાર પણ યોજનાર છે.

**ટેન્ડર ઈશ્યૂ થયા છે**

ધોલેરાને એક વર્ચ્યુંઅલ, સ્માર્ટ સિટી ડેવલપ થશે. તેના માટે પ્રારંભિક કાર્યવાહી શરૂ થઈ છે. ટીપી-૨માં એક્ટીવેશન એરિયામાં સ્માર્ટ સિટીનું માઈક્રો મોડલ ડેવલપ કરવા ટેન્ડર પણ ઈસ્યુ થયા છે. – અજય ભાદુ, સીઈઓ, જીઆઈડિબી

### ધોલેરા TP-૨ 30 વર્ષની ટાઈમલાઈન

૪૨૦ ચો.કિ.મી.ના ધોલેરા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ પાછળ અત્યારે રૂ.૬૦૦૦ કરોડનો એક્શન પ્લાન છે. જેમાં ભારત સરકાર રૂ.૩૦૦૦ કરોડની મદદ કરશે. પ્રોજેક્ટને ૩૦ વર્ષમાં પુર્ણ કરવા જીઆઈડીબીએ સ્પેશ્યલ પર્પઝ વ્હિકલ એક્ઝ્યુકેટિવ ટાસ્ક પણ ઊભી કરી છે. સૌથી પહેલા ધોલેરમાં ટીપી-૨માં ભીમ તળાવ પાસેના ૨૨ ચો.કિ.મી.માં રોડ રસ્તા, પાવર, વોટર, ઈન્ફોર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરાશે. આ વિસ્તારને એક્ટીવેશન એરિયાનું નામ આપવામાં આવ્યુ છે. તે વર્ષ ૨૦૧૮ સુધીમાં ડેવલપ થઈ જશે. ત્યારબાદ ૧૫૦- ૧૫૦ ચો.કિ.મી.ના બે ફેઈઝમાં ૩૦ વર્ષની ટાઈમલાઈનમાં સ્માર્ટ સિટીને આકાર આપી દેવાશે.